| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૭/૦૧/૨૦૨૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૭/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૩૩૧ લીટર દેશી દારૂ અને ૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૮/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૯/૨૦૨૪

**દરીયાપુરઃ** મોહમ્મદઇસહાક ઇકબાલહુશૈન શેખ (રહે.બીજા માળે, લખોટાપોળની સામે, દરીયાપુર) એ દરીયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૪ સાંજના ૫/૦૦ થી રાતના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૭,૨૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

### લુંટઃ- સમાચાર યાદી નં.૮૦/૨૦૨૪

**નરોડાઃ** લક્ષ્મીનારાયણ નંદકિશોર શર્મા (ઉ.વ.૪૫)(રહે.બ્રિજ પાવડી સી.બી.આઇ. ઓફીસ પાસે લાલા સાગર એરીયા જોધપુર રાજસ્થાન) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૧/૨૦૨૪ રાતના ૧૧/૧૦ વાગ્યાના સુમારે લક્ષ્મીનારાયણ નાના ચિલોડા સર્કલ ખાતે જવા સારૂ રીક્ષામાં બેસી નિકળેલ દરમ્યાન નરોડા નેશનલ હેન્ડલુમની બાજુમાં આવેલ પેટ્રોલપંપ સામે રોડ ઉપર આવતા રીક્ષા ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા ઇસમોએ ભેગામળી લક્ષ્મીનારાયણ સાથે ઝપાઝપી કરી, ગડદાપાટુનો માર મારી, લક્ષ્મીનારાયણનો વિવો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને તેમના ગળામા પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/-, સોનાની વીટી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૫,૦૦૦/- મતાની લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.ટી.દેસાઇ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૧/૨૦૨૪**

**વટવા જી.આઈ.ડી.સીઃ** ગીરીશ રામખેલાવન શાહ (ઉ.વ.૬૯) (રહે. બ્લોક નંબર-૨ ત્રીકમપુરા ચાર માળીયા જશોદાનગર) તા.૨૭/૧૦/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવવા પંપ મારીને પ્રાઇમસ ચાલુ કરતા હતા ત્યારે પ્રાઇમસની ટાંકી ફાટી જતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૧/૨૦૨૪ કલાક ૩/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જી.આઈ.ડી.સી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઈ.મકરાણી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૨/૨૦૨૪**

**વાસણાઃ (૧)** મિથુન જીવાજી સરગરા (ઉ.વ.૩૭)(રહે.સવણશીનગર ગુપ્તાનગર વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ ગોરાભાઇ ચલાવે છે.

**વાસણાઃ (૨)** રેખાબહેન વા/ઓ મહેશભાઇ વણોલ (ઉ.વ.૩૮)(રહે,રીમા એપાર્ટમેન્ટ, એકતા ટાવર પાસે, બેરેજ રોડ, વાસણા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૪ બપોરના ૧/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગુલાબસિંહ સવજીભાઈ ચલાવે છે.

**રખિયાલઃ** જનકભાઇ બાબુભાઇ પરમાર (ઉ.વ.૩૦) (રહે. અમીધારા એપાર્ટમેન્ટ ત્રીજો માળ રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૪ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કૈલાસકુમાર નારાયણભાઈ ચલાવે છે.

**નિકોલઃ** મહેન્દ્રસિહ સ/ઓ કરણસિહ ઝાલા (ઉ.વ.૪૦) (રહે. ઈન્દીરા વસાહત અંબેમાતા મંદિર પાસે હુડકો કઠવાડા તા-દસ્ક્રોઈ જી-અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૪ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** બહેરામપુરા ડિસ્કો પાન પાર્લર ની ગલી પરીક્ષીતલાલનગર બ્લોક નંબર-૩૦/૭૬૫ ખાતે રહેતા સામંતભાઈ આંબાભાઈ રાઠોડની તેર વર્ષની પુત્રી વૈશાલી એ અગમ્ય કારણસર તા.૧૬/૦૧/૨૦૨૪ સવારના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બલાત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી